For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

દેશમાં સ્વાઈન ફ્લૂનો વધતો વ્યાપ : શહેરીજનોની સાથે સાથે આરોગ્ય વિભાગને પણ સાવચેત રહેવુ ખુબ જરૂરી

# સ્વાઈન ફ્લૂની દહેશતથી વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ૨૫ બેડનો આઈસોલેશન વોર્ડ સજ્જ કરાયો

દિલ્હી, બેંગલુરુ અને કોલકાતામાં કેસ વધતા ગુજરાત આરોગ્ય તંત્ર એલર્ટ મોડ પર





(પ્રતિનિધિ) વડોદરા, તા.230

વડોદરા દેશના વિવિધ મહાનગરો જેવા કે દિલ્હી, બેંગલુરુ અને કોલકાતામાં (H1N1) સ્વાઈન ફ્લૂના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આગોતરા તકેદારીના પગલાં રૂપે તાકીદની વીડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ બેઠક બાદ વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે દર્દીઓની સારવાર માટે વિશેષ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. હોસ્પિટલ તંત્ર દ્વારા ૨૫ બેડનો એક સુસજ્જ આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. આ વોર્ડમાં દર્દીઓની જરૂરિયાત મુજબ વેન્ટિલેટર, ઓક્સિજન લાઈન અને અન્ય તમામ આવશ્યક લોજિસ્ટિક્સ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, જો ભવિષ્યમાં દર્દીઓની સંખ્યામાં વધારો થાય તો વધારાની વ્યવસ્થાના ભાગરૂપે બે રિકવરી વોર્ડમાં ૧૦-૧૦ બેડ (કુલ ૨૦ બેડ) પણ તૈયાર રાખવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, હાલ સયાજી હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂના કુલ ૩ દર્દીઓ સારવાર હેઠળ છે, જેમાં ૧ દર્દી ડભોઈનો અને ૨ દર્દીઓ વડોદરા શહેરના છે. આ ત્રણ પૈકી ૧ દર્દીની તબિયત ગંભીર હોવાથી તેને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે કે શરદી, ઉધરસ, તાવ, શ્વાસ લેવામાં તકલીફ અથવા ઉલટી જેવા લક્ષણો જણાય તો જરાય વિલંબ કર્યા વગર તાત્કાલિક તબીબી સલાહ લેવી. વાયરલ ચેપથી બચવા માટે માસ્કનો નિયમિત ઉપયોગ કરવો, વારંવાર હાથ ધોવા, ગરમ પાણીનું સેવન કરવું અને બિનજરૂરી રીતે ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું અત્યંત આવશ્યક છે.

વડોદરા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘમાં મોટું ભંગાણ

# ઉપપ્રમુખ અને રાજ્ય મીડિયા કન્વીનર હિતેન્દ્ર જોશીનું રાજીનામું, શૈક્ષિક મહાસંઘમાં જોડાયા



(પ્રતિનિધિ) વડોદરા, તા.230

વડોદરા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘમાં મોટું ગાબડું પડ્યું છે. સંઘની નીતિઓ અને સંગઠનમાં શિસ્તના અભાવથી નારાજ થઈને જિલ્લા ઉપપ્રમુખ અને ગુજરાત રાજ્યના મીડિયા કન્વીનર હિતેન્દ્રભાઈ જોશીએ પોતાના તમામ હોદ્દા પરથી રાજીનામું ધરી દીધું છે, જેના કારણે શિક્ષક આલમમાં ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, 25 વર્ષનો બહોળો અનુભવ ધરાવતા હિતેન્દ્રભાઈ જોશીએ આજે વડોદરા ખાતે આરએસએસ કાર્યાલયમાં વિધિવત રીતે અખિલ ભારતીય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘમાં પ્રવેશ કર્યો છે. આ પ્રસંગે પ્રાંત ઉપાધ્યક્ષ ભારતસિંહ સોલંકી, જિલ્લા અધ્યક્ષ મહેન્દ્રસિંહ મહિડા, મહામંત્રી બિપીનભાઈ પટેલ, સંગઠન મંત્રી યોગેન્દ્રભાઈ પટેલ અને એચટેટ સંવર્ગના અધ્યક્ષ સચીનભાઈ મકવાણા સહિત જિલ્લા અને તાલુકા ટીમના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, હિતેન્દ્રભાઈ જોશી વડોદરા જિલ્લામાં શૈક્ષિક મહાસંઘનો પાયો નાખનાર મુખ્ય સભ્યોમાંથી એક રહી ચૂક્યા છે. તેમના પુનઃ પ્રવેશથી મહાસંઘ વધુ મજબૂત બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરાયો છે. બીજી તરફ શિક્ષક વર્તુળમાં ચર્ચાઈ રહ્યું છે કે, વર્તમાન શિક્ષક સંઘની કાર્યપદ્ધતિથી અન્ય કેટલાક આગેવાનો પણ નારાજ છે, જેથી આવનારા દિવસોમાં વધુ રાજીનામાં પડે તેવી શક્યતા જોવાઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે હિતેન્દ્રભાઈ જોશીના અચાનક રાજીનામાના કારણે વડોદરા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘમાં ભારે ખળભળાટ મચી ગયો છે. વર્ષોથી સંગઠનમાં સક્રિય અને મજબૂત પકડ ધરાવતા હોદ્દેદારના આ નિર્ણયથી શિક્ષક આલમમાં અનેક તર્ક-વિતર્કો વહેતા થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી સંગઠનમાં અંદરોઅંદર ચાલતી ખેંચતાણ અને નીતિવિષયક નિર્ણયમાં અન્યાય થતો હોવાની લાગણીને કારણે તેમણે આ આકરું પગલું ભર્યું છે. આગામી દિવસોમાં આ રાજીનામાને પગલે સંઘના અન્ય નારાજ સભ્યો પણ તેમનો માર્ગ અપનાવે તેવી શક્યતા સેવાઈ રહી છે, જેનાથી સંઘમાં વધુ મોટું ભંગાણ સર્જાવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

સમા વિસ્તારમાં દારૂની બોટલ ફોડી ઓફિસમાં ધમકી આપ્યાનો આક્ષેપ

# ચાર લાખ આપ, નહીં તો પતાવી દઈશ, મકાનના સોદામાં મારી નાખવાની ધમકી

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

મકાનના વેચાણના વ્યવહાર બાદ વધુ રૂ.4 લાખની માંગણી અને ત્યારબાદ શરૂ થયેલા ધમકીના મામલાએ સમા વિસ્તારમાં ચકચાર મચાવી છે. આરોપીએ પહેલા યુવકના ભાઈને વધારાના પૈસા નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ તેમની ઓફિસે પહોંચી દારૂની બોટલ ફોડી રૂ.4 લાખ આપી દે, નહીં તો આ બોટલ મારતાં બે મિનિટ નહીં લાગે કહી ધમકી આપી હતી. મામલો અહીં અટક્યો નહીં અને આરોપીના મિત્ર મારફતે પણ ગંભીર ધમકી અપાઈ હોવાની ફરિયાદ નોંધાવાઈ છે. ગત 11 મેના રોજ બલજીતસિંહ પુરણસિંહ કહલોન સમા વિસ્તારમાં આવેલી ભાઈ ભરવાડની ઓફિસે આવ્યો હતો. ત્યાં તના ભાઈને મળીને તેણે મકાન વેચાણના વ્યવહારમાં વધુ રૂ.4 લાખ આપવાની માંગણી કરી હતી. રૂપિયા નહીં આપે તો તમને પતાવી દેવાની તેમજ આત્મહત્યા કરી તમારુ નામ લખવાની ધમકી આપી હતી. બે-ત્રણ દિવસ બાદ આરોપી ફરી ઓફિસે આવ્યો હતો. આ વખતે ફરિયાદી સાથે બોલાચાલી કરી અને હાથમાં રહેલી દારૂની બોટલ ફોડી નાખી હતી. તેણે બોટલ બતાવી વધારાના રૂ.4 લાખ નહીં આપે તો હુમલો કરવાની તથા તેમને અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસ સ્ટેશનમાં જ વાત કરવા જણાવ્યા બાદ પણ તે વ્યક્તિ ઓફિસે પહોંચી ગયો હતો અને તેમના ભાઈ સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરી બલી પંજાબથી બંધુક લઈને નીકળી ગયો, પછી શું કરે છે તે જોજો તેવી ધમકી આપી હોવાનો આક્ષેપ છે. ઘટનાની જાણ થતાં પોલીસ બોલાવવામાં આવી હતી અને બંને પક્ષોને સમા પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. પોલીસે ગુનો નોંધી ધમકી આપનાર સામે કાર્યવાહી શરૂ કરી છે.

રાજ્યની ખાનગી શાળાઓએ કર્યો બહિષ્કાર

# ખાનગી શાળાઓમાં SQAAF અને બેઝલાઈન સર્વેનો વિવાદ વકર્યો

**મહામંડળને** વિશ્વાસમાં લીધા બાદ માહિતી આપવા શાળાઓને આદેશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

રાજ્યની ખાનગી શાળાઓમાં શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવનાર સ્કૂલ ક્વોલિટી એસેસમેન્ટ એન્ડ એસ્યોરન્સ ફ્રેમવર્ક અને નિપુણ ગુજરાત અભિયાન અંતર્ગત બેઝલાઈન સર્વેક્ષણનો વિવાદ વકર્યો છે. સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ દ્વારા તાકીદનો આદેશ જારી કરીને રાજ્યની તમામ ખાનગી શાળાઓને આ સર્વેક્ષણ અંગેની કોઈ પણ માહિતી ન આપવા સૂચના આપવામાં આવી છે. તાજેતરમાં સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની ઓનલાઈન મીટિંગ મળી હતી, જેમાં સર્વાનુમતે બહિષ્કારનો નિર્ણય લેવામાં આવ્યો છે. 19 ઓગસ્ટના રોજ યોજાયેલી તમામ જિલ્લાના હોદ્દેદારોની ઓનલાઈન બેઠકમાં SQAAF અને નિપુણ ગુજરાત અભિયાન અંતર્ગત બેઝલાઈન સર્વેક્ષણને લઈને ગંભીર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ત્યારબાદ સંચાલક મંડળ દ્વારા રાજ્યની તમામ ખાનગી સ્કૂલોના સંચાલકોને ઉદ્દેશીને પરિપત્ર કરાયો છે. મહામંડળના પ્રમુખ જતીન ભરાડ અને મહામંત્રી મનહર રાઠોડ દ્વારા આ પરિપત્ર જારી કરાયો છે. જારી કરાયેલા પરિપત્ર મુજબ, આ સર્વેક્ષણમાં ઘણા મુદ્દા ખાનગી શાળાઓ માટે વિસંગતતાભર્યા છે. ગુજરાતમાં આશરે 17 હજાર ખાનગી શાળાઓનું પ્રતિનિધિત્વ કરતા અને 50 લાખથી વધુ વિદ્યાર્થીઓ સાથે જોડાયેલા આ મહામંડળને આ બાબતે વિશ્વાસમાં લેવામાં આવ્યું નથી. ઉપરાંત, મહામંડળ દ્વારા સરકાર સમક્ષ રજૂ કરાયેલા પ્રશ્નોનું સંતોષકારક નિરાકરણ ન આવ્યું હોવાથી, જ્યાં સુધી સરકાર રૂબરૂ બોલાવીને ચર્ચા ન કરે ત્યાં સુધી કોઈ પણ શાળાએ માહિતી ન આપવા કડક આદેશ કરાયો છે. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત બાલવાટિકાથી ધોરણ-5ના બાળકોમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનની ક્ષમતા ચકાસવા માટે આ સર્વે યોજવામાં આવે છે. જેમાં બાળકોનું ગુજરાતી વાંચન-લેખન અને ગણિત ક્ષમતાના આધારે મૂલ્યાંકન કરી તેમને ઉત્તમ, પ્રગતિશીલ અને નિપુણ જેવા સ્તરોમાં વર્ગીકૃત કરવામાં આવે છે

૬ સપ્ટેમ્બર સુધી રજિસ્ટ્રેશન કરી શકાશે

# આયુર્વેદ-હોમિયોપેથી માટે સર્વ પ્રથમ વખત અલગ પ્રવેશ પ્રક્રિયા

કેટલીક કોલેજોની પેનલ્ટી સાથે બેઠકોની વાસ્તવિક સ્થિતિ હવે પછી જાહેર કરાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

ધો.12 પછી આયુર્વેદ અને હોમિયોપેથીમાં પહેલી વખત અલગ પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવી રહી છે. પ્રવેશ સમિતિ દ્વારા અગાઉ મેડિકલ-ડેન્ટલ માટેની પ્રક્રિયા શરૂ કર્યા બાદ હવે આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ આગામી 6 સપ્ટેમ્બર સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. રાજ્યમાં અત્યાર સુધી મેડિકલ અને ડેન્ટલની સાથે જ આયુર્વેદ અને હોમિયોપેથીની પ્રવેશ પ્રક્રિયા થતી હતી, જેમાં સીટો ખાલી રહી જતી હતી. ચાલુ વર્ષે કેન્દ્ર સરકાર દ્વારા અલગથી પ્રવેશ કાર્યક્રમ જાહેર કરવાના કારણે રાજ્ય સરકારે પણ અલગથી પ્રવેશ પ્રક્રિયા જાહેર કરી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે 1 હજાર રૂપિયા અને 10 હજાર રૂપિયા ડિપોઝિટ મળીને કુલ 11 હજાર રૂપિયા ફી ભરવાની રહેશે. મહત્વની વાત એ કે, હાલમાં કાઉન્સિલ દ્વારા જુદા જુદા આયુર્વેદ અને હોમિયોપેથીનું ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું છે, જેમાં મોટાભાગની કોલેજોમાં લગભગ અલગ અલગ મામલોના કરોડો બેઠકો કાપવામાં લઈને લાખો રૂપિયા પેનલ્ટી કરવામાં આવી રહી છે. ચાલુ વર્ષે બેઠકોમાં ઘટાડો થવાની પણ શક્યતા છે.

હાલમાં આયુર્વેદ અને હોમિયોપેથીની મળીને અંદાજે 4 હજાર બેઠકો ઉપલબ્ધ છે. આગામી દિવસોમાં પ્રવેશ સમિતિ દ્વારા સત્તાવાર બેઠકોની જાહેરાત કરવામાં આવશે. જોકે હાલમાં ઈન્સ્પેક્શનના કારણે મોટાભાગની કોલેજોની બેઠકોમાં ઘટાડો થાય તેમ છે. સમિતિ દ્વારા હાલમાં વિદ્યાર્થીઓને 25મી ઓગસ્ટથી 6 સપ્ટેમ્બર સુધી ઓનલાઈન પીન ખરીદીને આજ સમય દરમિયાન રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી છે. રજિસ્ટ્રેશન પૂર્ણ થયા બાદ 27મી ઓગસ્ટથી લઈને આગામી 9મી સપ્ટેમ્બર સાંજે 4 વાગ્યા સુધી હેલ્પસેન્ટરમાં જઈને ડોક્યુમેન્ટ ચકાસણી કરાવવાની રહેશે.

વેતન ન મળતા શિક્ષકોમાં રોષ, ગ્રાન્ટ આવી ગઈ છતાં ચુકવવામાં વિલંબ

# વસ્તી ગણતરી તો પૂરી થઈ પણ ૩૮૦૦ શિક્ષકોનું વેતન બે મહિનાથી અટવાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

છેલ્લે 2011માં થયેલી વસ્તી ગણતરી બાદ 14 વર્ષના લાંબા અંતરાલ બાદ વડોદરા શહેરમાં વસ્તી ગણતરીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જૂન મહિનામાં ઘરે-ઘરે જઈને સર્વે કરવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવા છતાં તેમાં રોકાયેલા આશરે 3800 શિક્ષકોને બે મહિના વીત્યા બાદ પણ મહેનતાણું મળ્યું નથી, જેના કારણે શિક્ષણ આલમમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, 2011માં વડોદરાની વસ્તી 16,70,806 હતી, જેમાં વુડાના 12 ગામોનો સમાવેશ થયા બાદ હાલની અંદાજિત વસ્તી 22,44,330 જેટલી માનવામાં આવે છે. આ વખતે વસ્તી ગણતરી ઐતિહાસિક રીતે ડિજિટલ એટલે કે મોબાઈલ એપ આધારિત કરવામાં આવી હતી.

આ માટે શહેરમાં 3800 જેટલા શિક્ષકો અને તાલીમ અધિકારીઓને નિમણૂક પત્રો આપી કામગીરી સોંપવામાં આવી હતી. સરકાર દ્વારા નક્કી કરાયેલા શિડ્યૂલ મુજબ 17મીથી 31મી મે સુધી સ્વ-ગણતરી તબક્કો યોજાયો હતો, જેમાં નાગરિકોએ ઓનલાઈન વિગતો ભરી હતી અને ત્યારબાદ 1 જૂનથી 30 જૂન સુધી ડોર-ટુ-ડોર સર્વે હાથ ધરાયો હતો. 30મી જૂને કામગીરી પૂર્ણ થઈ હોવા છતાં ઓગસ્ટ પૂરો થવા આવ્યો છે ત્યાં સુધી વેતન ચૂકવાયું નથી. મોંઘવારીના સમયમાં વધારાની ફરજ બજાવ્યા બાદ પણ પગાર ન મળતા શિક્ષકોમાં રોષ ફેલાયો છે. આ મામલે વહીવટી આયોજન સામે સવાલો ઉભા થયા છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સરકારની ગાઈડલાઈન મુજબ શિક્ષકોના બેંક ખાતામાં સીધું વેતન જમા કરવાનું હોવાથી તેમની વિગતો એકત્ર કરી બેંકને મોકલવાની પ્રક્રિયામાં વિલંબ થયો હતો. હવે ગ્રાન્ટ આવી ગઈ છે અને તમામ વિગતો પણ મળી ગઈ છે, તેથી ટૂંક સમયમાં જ વેતન ચૂકવી દેવામાં આવશે. જોકે જો સમયસર વિગતો મંગાવી લેવાઈ હોત તો 3800 શિક્ષકોને પોતાના હકના પૈસા માટે બે-બે મહિના સુધી રાહ જોવી ન પડત, તેવો સૂર શિક્ષકોમાંથી ઉઠી રહ્યો છે.

વડોદરા પાલિકાનું કામ લેવા પડાપડી

# રૂ. ૮ કરોડના પેવર બ્લોક ટેન્ડરમાં ઈજારદારો વચ્ચે નીચા ભાવ ભરવાની હોડ

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા મહાનગરપાલિકામાં વિકાસકામોના ટેન્ડર અને તેની ગુણવત્તાને લઈને અવારનવાર વિવાદો સર્જાતા રહે છે, ત્યારે પૂર્વ ઝોનમાં ફૂટપાથ અને સર્વિસ ટ્રેક પર પેવર બ્લોક પાથરવાના ટેન્ડરમાં અંદાજિત ભાવ કરતાં ૩૦ ટકાથી વધુ ઓછા ભાવ આવતા મોટો વિવાદ ઊભો થયો છે. આટલા નીચા ભાવે કામગીરીની યોગ્ય ગુણવત્તા જળવાશે કે કેમ તે અંગે ભારે ચર્ચાઓ જાગી છે.

મળેલી માહિતી અનુસાર, વડોદરા મહાનગરપાલિકાની રોડ પ્રોજેક્ટ શાખા દ્વારા પૂર્વ ઝોન વિસ્તારમાં આવેલા ફૂટપાથ તેમજ સર્વિસ ટ્રેક પર પેવર બ્લોક પાથરવાની કામગીરી માટે રૂ. ૮ કરોડની નાણાકીય મર્યાદા નક્કી કરીને વાર્ષિક ઈજારો આપવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. આ કામગીરી માટે કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવેલી ટેન્ડર પ્રક્રિયા દરમિયાન કુલ ત્રણ ઈજારદારોના ભાવપત્રકો પ્રાપ્ત થયા હતા. ટેન્ડરમાં ભાગ લેનારા તમામ ઈજારદારોએ પાલિકાના અંદાજિત યુનિટ રેટ કરતાં ખૂબ જ નીચા ભાવ રજૂ કર્યા છે. જેમાં 'શ્રીજી ડેવલોપર્સ' નામના ઈજારદારે અંદાજિત યુનિટ રેટ કરતાં ૩૧.૩૨ ટકા ઓછા ભાવ રજૂ કર્યા છે. જ્યારે 'જય એન્ટરપ્રાઈઝ' દ્વારા ૩૦.૩૩ ટકા ઓછા અને 'કૌશલ હરપલાણી' દ્વારા ૨૯.૯૯ ટકા ઓછા ભાવ ભરવામાં આવ્યા છે. કોર્પોરેશનની ટેન્ડર ચકાસણી કમિટી દ્વારા ટેન્ડરોની ચકાસણી કરવામાં આવી હતી. જે બાદ સૌથી ઓછા ૩૧.૩૨ ટકા ઓછા ભાવ રજૂ કરનાર શ્રીજી ડેવલોપર્સનું ભાવપત્રક મંજૂર કરવા માટે અને આ ઈજારદારને રૂ. ૮ કરોડની મર્યાદામાં વાર્ષિક કામગીરી સોંપવા માટેની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે.

એમજીવીસીએલની ટીમ પર જાણ બહાર મીટર બદલી નાખવાનો આક્ષેપ

# ઘાઘરેટીયા સ્લમ એરિયામ સ્માર્ટ લગાવતા લોકોનો વિરોધ



(પ્રતિનિધિ) વડોદરા, તા.230

શહેરના દંતેશ્વર ઘાઘરેટીયા વિસ્તારના સ્લમ એરિયામાં આજે સ્માર્ટ વીજ મીટરને લઈને ભારે વિરોધ જોવા મળ્યો હતો. સ્થાનિકોનો આક્ષેપ છે કે એમજીવીસીએલની ટીમ દ્વારા તેમની જાણ બહાર અને ગેરહાજરીમાં જૂના મીટર કાઢીને નવા સ્માર્ટ મીટર લગાવી દેવામાં આવ્યા છે. રહીશોના જણાવ્યા અનુસાર, તેઓ ઘરે ન હતા તે દરમિયાન જીઈબી વાળા આવ્યા હતા અને અમને પૂછ્યા વિના 20 જેટલા મીટર લગાવી દીધા. અમે રજૂઆત કરી કે અમારા જૂના મીટર વ્યવસ્થિત છે, અમારે નવા મીટરની જરૂર નથી, તો તેઓ કહેવા લાગ્યા કે ઉપરથી ઓર્ડર છે એટલે બદલવા જ પડશે, તેમ સ્થાનિકોએ જણાવ્યું હતું. લોકોએ ઉગ્ર રજૂઆત કરતા ટીમે પોલીસ બોલાવી લીધી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. સ્થાનિકોએ કહ્યું કે, અહીં ઘણા લોકોને મોબાઈલ વાપરતા પણ આવડતું નથી, તો તેઓ રિચાર્જ અને બિલ કેવી રીતે ભરશે? ઘાઘરેટીયા વિસ્તારના અગ્રણીએ જણાવ્યું કે, આ વિસ્તારમાં ઈન્દિરાનગર, કૃષ્ણનગર અને ઘાઘરેટીયા ગામ એમ ત્રણ વિસ્તાર આવેલા છે, જે 2002 સુધી પંચાયત હસ્તક હતા અને બાદમાં કોર્પોરેશનમાં સમાવાયા છે. અહીં અંદાજે 1500 જેટલા મીટર છે. અમારા વિસ્તારમાં સ્માર્ટ મીટરની જરૂર નથી, લોકો નિયમિત બિલ ભરે છે. સ્માર્ટ માણસ નથી, સ્માર્ટ રોડ નથી, સ્માર્ટ સિટી નથી ત્યાં ગરીબ લોકો પર સ્માર્ટ મીટર થોપવામાં આવી રહ્યા છે તેમ જણાવ્યુ હતુ.

પોલીસે પ્રોમીલા ક્લિનિકમાં LCB ઝોન 2નો દરોડો કફ સિરપ, 162 ઇન્જેક્શન સહિત રૂ.1.18 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# અકોટામાંથી ડિગ્રી વગરનો ઝોલાછાપ તબીબ ઝડપાયો

**10 પાસ** વ્યક્તિ 15 વર્ષથી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હતો



(પ્રતિનિધિ) વડોદરા, તા.26

અકોટા વિસ્તારમાં 15 વર્ષોથી ક્લિનિક ચલાવી દર્દીઓને એલોપેથીક દવાઓ અને ઈન્જેક્શન આપતા કથિત બોગસ તબીબનો પર્દાફાશ થયો છે. LCB ઝોન-2ની ટીમે અકોટા ગાર્ડનની સામે આવેલી પ્રોમીલા ક્લિનિકમાં દરોડો પાડી તબીબી ક્ષેત્રની માન્ય ડિગ્રી કે રજીસ્ટ્રેશન વિના પ્રેક્ટિસ કરતા 45 વર્ષીય બિસ્વજીત પ્રફુલ્લા હાલદારને ઝડપી પાડ્યો હતો. ક્લિનિકમાંથી દવાઓ, ઈન્જેક્શન અને મેડિકલ સાધનો સહિત રૂ.1.18 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. 10 પાસ વ્યક્તિ ડિગ્રી વગર લોકોને દવા આપીને તેમના આરોગ્ય સાથે ચેડા કરતો હતો. પોલીસને બાતમી મળી હતી કે પ્રોમીલા ક્લિનિકમાં બિસ્વજીત હાલદાર કોઈ માન્ય તબીબી ડિગ્રી કે રજીસ્ટ્રેશન વિના દર્દીઓની સારવાર કરી એલોપેથીક દવાઓ આપી રહ્યો છે. પોલીસે બાતમીના આધારે LCB ઝોન-2ની ટીમે મેડિકલ ઓફિસરની હાજરીમાં ક્લિનિક પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન આરોપીએ વર્ષ 2010થી ક્લિનિક ચલાવતો હોવાનું જણાવ્યું હતું.

જોકે તબીબી પ્રેક્ટિસ માટે જરૂરી માન્ય પ્રમાણપત્ર કે રજીસ્ટ્રેશન અંગે પૂછપરછ કરતા કોઈ માન્ય પ્રમાણપત્ર ન હોવાનું સામે આવ્યું હતું. મેડિકલ ઓફિસરની તપાસમાં પણ આરોપી એલોપેથીક દવાઓ અને ઈન્જેક્શનનો ઉપયોગ કરીને તબીબી પ્રેક્ટિસ કરતો હોવાનું બહાર આવ્યું હતું. ક્લિનિકમાંથી કફ સિરપની 38 બોટલ, 162 ઈન્જેક્શન, દવાઓના 281 પત્તા, 84 ટ્યુબ, 30 પાઉડર, 32 કેપ્સ્યુલ, 9 ગ્લુકોઝની બોટલ અને 19 ઈન્ફ્યુઝન સેટ મળી આવ્યા હતા. દવાઓની કિંમત રૂ.41 હજાર હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત મેડિકલ સાધનો, રોકડ રૂ.15 હજાર અને મોબાઈલ ફોન મળી રૂ.1.18 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પોલીસે બોગસ ડોક્ટર વિરુદ્ધ વધુ તપાસ શરૂ કરી છે.

વર્ષોથી ચાલતી ક્લિનિકમાં ખરેખર કેટલા દર્દીઓની સારવાર કરવામાં આવી હતી અને આરોપીએ કયા પ્રકારની દવાઓ તથા ઈન્જેક્શન આપ્યા હતા તે અંગેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસે રીઢો આરોપી હિમાંશુ ઉર્ફે હેરીને પણ દબોચ્યો

# ગુજસીટોકના ગુનામાં ફરાર લિસ્ટેડ બુટલેગર સહિત બે આરોપી હોટલમાંથી ઝડપાયા



(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વડોદરા શહેરમાં ગુજસીટોક સહિતના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા અને પોલીસથી બચવા ફરાર રહેલા આરોપીઓ સામે ક્રાઈમ બ્રાન્ચે સઘન કાર્યવાહી હાથ ધરી છે. આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે હરણી રોડ તળાવ પાસે આવેલી ગોલ્ડન વ્યૂ હોટલમાંથી ગુજસીટોકના ગુનામાં નાસતા ફરતા લીસ્ટેડ બુટલેગર બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પ્રાથમિક તપાસમાં હિમાંશુ સામે ગુજસીટોક ઉપરાંત લૂંટ અને વિદેશી દારૂના ગુનાઓ પણ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. વડોદરા શહેરમાં ગુજસીટોક સહિતના વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા અને ધરપકડથી બચવા ફરાર થઈ ગયેલા આરોપીઓને ઝડપી પાડવા ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા ક્રાઈમ બ્રાન્ચને સૂચના આપવામાં આવી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમો દ્વારા ફરાર આરોપીઓની સતત શોધખોળ દરમિયાન બાતમી મળી હતી ફરાર હિમાંશુ ઉર્ફે હેરી લુધવાણી અને વરૂણ ઉર્ફે જેટલી હેમાણી હરણી રોડ તળાવ પાસે આવેલી ગોલ્ડન વ્યૂ હોટલમાં રોકાયા છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે હોટલ ખાતે પહોંચી તપાસ કરતાં રૂમમાંથી બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પૂછપરછ અને તપાસ દરમિયાન બંને આરોપીઓ વારસિયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં સંડોવાયેલા અને ફરાર હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત હિમાંશુ ઉર્ફે હેરી સામે વારસિયા પોલીસ સ્ટેશનમાં માર મારી લૂંટ કરવાના ગુના તેમજ સમા પોલીસ સ્ટેશનમાં વિદેશી દારૂના જથ્થા અંગેનો ગુનો નોંધાયેલો હોવાનું પણ બહાર આવ્યું હતું.